એકમ 3

# આર્થિક વિકાસને અસર કરતાં પરિબળો

-: રૂપરેખા :-

3.0 ઉદ્દેશ

3.1 પ્રસ્તાવના

3.2 આર્થિક વિકાસના ઉદ્દેશો

3.3 આર્થિક વિકાસને અસર કરતા પરિબળો

3.3.1 કુદરતી સંસાધન

3.3.2 મૂડી - સંચય

3.3.3 માનવ મુડી અને કૌશલ્ય વિકાસ

3.3.4 વસ્તીનું વયજૂથ પ્રમાણ

3.3.5 ટેકનોલોજી

3.4 સારાંશ

3.5 ચાવીરૂપ શબ્દો

3.6 તમારી પ્રગતિ ચકાસો

◆ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

◆ સંદર્ભ

## 3.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે.

(1) આર્થિક વિકાસને અસર કરતાં પરિબળો ઓળખી શકશો.

(2) જુદા જુદા દેશોમાં આર્થિક વિકાસનાં સ્તર બાબતે ચર્ચા કરી શકશો.

## 3.1 પ્રસ્તાવના

એકમ-1માં આપણે આર્થિક વૃધ્ધિ અને આર્થિક વિકાસનો અર્થ સમજ્યાં તેમાં આપણે જાણ્યું કે અર્થશાસ્ત્રીય દષ્ટિએ બંને ખ્યાલ અલગ છે. આર્થિક વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે, તેમાં સામાજિક, માળખાંકીય, મનોવૈજ્ઞાનિક જેવા ફેરફારો થાય છે, જે માનવીનાં જીવનમાં ગુણવત્તાયુક્ત સુધારો કરે છે. આધુનિક સમયમાં આ વિકાસ પ્રક્રિયા લાંબા ગાળા સુધી અને સતત ચાલે તે માટે તેમાં કુદરતી સંપત્તિને પણ મહત્વનું સ્થાન અપાયું છે. બીજી બાજુ આર્થિક વૃધ્ધિ એ પ્રક્રિયા નહિ પણ ઘટના છે. આર્થિક વિકાસની પ્રક્રિયાનાં પરિણામ સ્વરૂપ અર્થતંત્રમાં જે આવક વિકાસની પ્રક્રિયાનાં પરિણામ સ્વરૂપ અર્થતંત્રમાં જે માથાદીઠ આવકમાં વધારો થાય છે, તે આર્થિક વૃધ્ધિ છે આમ, આર્થિક વૃધ્ધિથી પહેલાં આર્થિક વિકાસ થવો જરૂરી છે. જો કે

વિશ્વનાં કેટલાંક અર્થતંત્રોનાં એવાં ઉદાહરણો પણ મળે છે કે જ્યાં "વિકાસ વિનાની વૃધ્ધિ" હોય! એટલે કે રાષ્ટ્રની આવકમાં વધારો થતો હોય, પરંતુ લોકોનાં જીવનધોરણની ગુણવત્તામાં સુધારો થતો ન હોય, પરંતુ લોકોનાં જીવનધોરણની ગુણવત્તામાં સુધારો થતો ન હોય. શિક્ષણ અને સ્વાસ્થ્યની જાહેર સ્થિતિ વણસી ગયેલી હોય વિશ્વમાં એવાં ઉદાહરણો પણ છે કે જ્યાં આર્થિક વિકાસ ઉપર ધ્યાન આપવામાં આવ્યું. સાક્ષરતા, શિક્ષણ, ગરીબી ઉન્મૂલન, સ્વાસ્થ્ય, કૃષિ ઉત્પાદન, પર્યાવરણ જાળવણી, પ્રદૂષણ નિયંત્રણ જેવા ઉપાયોથી આર્થિક વિકાસ થયો એટલે કે પ્રજાનાં જીવનની ગુણવત્તા તો સુધરી જ સાથે તેનાં પરિણામ સ્વરૂપ રાષ્ટ્રની આવકમાં પણ વધારો થયો.

ક્યા દેશમાં આર્થિક વિકાસ થઈ રહ્યો છે તે જાણવા માટેના માપદંડો હોય છે જે તમે આગળ એકમ ચારમાં અભ્યાસ કરવાનાં છો. તેમાં માનવજીવનની ગુણવત્તા, ભૌતિક સુવિધાઓ વગેરે જેવા માપદંડો છે. આ માપદંડોને આધારે ક્યો દેશ આર્થિક વિકાસ કરી રહ્યો છે તે જાણી શકાય છે.

આર્થિક વિકાસ સંબંધે રાષ્ટ્રીય આવકમાં એટલે કે GDP માં થતા વધારાના દરને આધારે તે દેશની આર્થિક વૃધ્ધિ જાણી શકાય છે. વર્તમાન સમયમાં ટેકનોલોજીની પ્રાપ્યતાને કારણે ઈન્ટરનેટ કનેક્ટીવીટીથી વિશ્વબેંક, આંતરરાષ્ટ્રીય નામાં ભંડોળ વગેરેના અભ્યાસોને આધારે વિશ્વના દેશોની આર્થિક વિકાસની સ્થિતિ તુરંત જ જાણી શકાય છે.

જેમ આપણે આગળ જોયું કે કેટલાક દેશો ઊંચો GDP વૃધ્ધિ દર ધરાવે છે પરંતુ તેમાં બાળમૃત્યુનો ઊંચો દર, શિક્ષણનું ઓછું પ્રમાણ વગેરેને લીધે તે આર્થિક વૃધ્ધિ પામેલો દેશ કહેવાય છે પણ તે વિકસિત નથી કહેવાતો દાખલા તરીકે બાઝિલ. બ્રાઝિલ દક્ષિણ અમેરિકાનો મોટું અર્થતંત્ર ધરાવતો દેશ છે પણ ઊંચો વસ્તીવૃધ્ધિ દર માથાદીઠ આવકનું પ્રમાણ નીચું જ રાખે છે. આમ, દેશ આર્થિક વૃધ્ધિ પામેલો હોય પરંતુ વિકાસ પામેલો ન હોય તે અલ્પવિકસિત કહેવાય છે. જે દેશનાં અર્થતંત્રમાં વિકાસની સંભાવનાઓ હોય તે વિકાસ કરી રહ્યો હોય તે દેશ વિકાસશીલ દેશ કહેવાય છે.

વિદ્યાર્થી મિત્રો, આ રીતે આર્થિક વૃધ્ધિ, વિકસિત દેશ, અલ્પવિકસિત દેશ, વિકાસશીલ દેશ જેવા શબ્દો વાંચીને તમને થયું હશે કે કોઈપણ દેશ શા માટે વિકાસની પ્રક્રિયામાં પાછળ રહી જાય છે ? કેમ બધા દેશોનો વિકાસ એકસરખો નથી થતો ? તો આ સ્થિતિ માટે ક્યાં પરિબળો જવાબદાર હોઈ શકે ?

આ પ્રશ્નોનો જવાબ મેળવવા માટે આપણે આ એકમમાં આર્થિક વિકાસને અસર કરતાં પરિબળોનો પરિચય મેળવવાનાં છીએ. તો પછી આર્થિક વૃધ્ધિને અસર કરતાં પરિબળો ? વિદ્યાર્થી મિત્રો આપણે અગાઉ જ એ સમજ કેળવી ચૂક્યાં છીએ કે આર્થિક વૃધ્ધિ એ આર્થિક વિકાસની પ્રક્રિયાનાં પરિણામ સ્વરૂપ છે. દાખલા તરીકે જે રાષ્ટ્રની આવક એટલે કે National Income માં વધારો થાય તે રાષ્ટ્રની માથાંદીઠ આવક પણ વધશે જ તેમ કહી શકાય નહિ. પરંતુ જે દેશ તેની પ્રજાની માથાદીઠ આવક વધારાના પ્રયત્નો કરે અને માથાદીઠ આવક વધે તો તેમાં પરિણામે રાષ્ટ્રીય આવકમાં તો વધારો થવાનો જ છે ! આથી, અહીં આપણે એ પરિબળોનો અભ્યાસ કરીએ કે જેનાથી માનવજીવનની ગુણવત્તામાં સુધારો થાય છે, વિકાસની પ્રક્રિયા સત ચાલે છે અને વિકાસની ભાવિ સંભાવનાઓ જેના ઉપર આધારિત છે.

અહીં તમને બીજો એ પ્રશ્ન પણ થતો હશે કે શા માટે આર્થિક વિકાસ કરવો જોઈએ એટલે

કે જો આર્થિક વૃધ્ધિ જ માત્ર થાય અને વિકાસ ન થાય તો ? આથી આપણે અહીં આર્થિક વિકાસનાં પરિબળો સમજીએ તે પહેલાં આર્થિક વિકાસના હેતુઓ પણ સમજીએ.

## 3.2 આર્થિક વિકાસના ઉદ્દેશો (હેતુઓ)

આર્થિક વિકાસ શા માટે કરવો જોઈએ ? આર્થિક વિકાસના હેતુ જુદાંજુદાં અર્થતંત્રો માટે જુદાજુદા હોય છે. જે ખાસ તે દેશના સંજોગો અને પરિબળોને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવતા હોય છે. તો વળી કેટલીક વખત આર્થિક વિકાસ સાધ્ય ઉપરાંત સાધન પણ બને છે. જેમાં આર્થિક વિકાસ કરવાથી અન્ય લક્ષ્યાંકો પણ સિદ્ધ કરી શકાય છે. આર્થિક વિકાસનાં આર્થિક અને બિનઆર્થિક હેતુઓ પણ હોય છે રાજકીય પક્ષ લોકપ્રિય બનવા માટે આર્થિક વિકાસને સાધન તરીકે અપનાવે તો તે બિન આર્થિક હેતુ કહી શકાય. તેમ છતાં કેટલાક હેતુઓ એવા હોય છે, જે બધાં અર્થતંત્રો માટે એકસમાન રીતે મહત્ત્વના હોય છે. અહીં આપણે આર્થિક વિકાસના કેટલાક સર્વસામાન્ય હેતુ (ઉદ્દેશો)નો અભ્યાસ કરીએ.

i) પૂર્વ રોજગારીનું સ્તર પ્રાપ્ત કરવા.

અહીં પૂર્ણ રોજગારી એટલે ઉત્પાદનનાં બધાં જ સાધનો ઉત્પાદન પ્રક્રિયામાં રોકાણ પામે તે સ્થિતિ આ ધ્યેય કે ઉદ્દેશ માત્ર વિકાસશીલ કે અલ્પ વિકસિત અર્થતંત્રમાં જ હોય તે જરૂરી નથી. વિકસિત રાષ્ટ્રોમાં માંગના અભાવે જ્યારે ઉત્પાદન કરવાની ઈચ્છા મૂડીરોકાણકારોને નથી થતી ત્યારે ઉત્પાદનનાં સાધનો વણ વપરાયેલાં, બેરોજગાર રહે છે. આર્થિક વિકાસ થાય તે માટેનાં પગલાં લેવાથી અર્થતંત્ર ગતિમાં આવે છે તથા નવી માંગ ઊભી થતાં ઉત્પાદનનાં સાધનોને રોજગારી મળે છે. આમ, આર્થિક વૃધ્ધિનો દર ટકાવી રાખવા માટે પણ વિકાસ સતત થતો રહે તે જરૂરી છે.

ii) આવક અને તકોની અસમાનતા ઘટાડવા

આવકની અસમાનતાથી ઉત્પાદનનું માળખું વિકાસને અવરોધક બને છે. ઊંચી આવક ધરાવતાં લોકોની તરફેણમાં જ જો વધુ આવક જાય તો મોજશોખ અને વિલાક્ષિતાની વસ્તુઓની માંગ વધે છે. આવી માંગના પ્રતિભાવરૂપે ઉત્પાદકો પણ તેઓનાં સાધનો મોજશોખની વસ્તુઓનાં ઉત્પાદનમાં જરૂરિયાતોની સરખામણીએ ઉત્પાદનનાં સાદનો મર્યાદિત પ્રમાણમાં છે. જો વિલાક્ષિતાની વસ્તુઓનાં ઉત્પાદન માટે આ સાધનો રોકાય તો જીવનજરૂરિયાતની વસ્તુઓ માટે ઓછાં પડે. આમ, આવકની અસમાનતા ઘટાડવાથી નિજન અને મધ્યમ વર્ગનાં લોકો તરફથી પણ માંગ આવતી હોવાથી ઉત્પાદન નફાકારક લાગશે. આમ, આવકની અસમાનતા ઘટાડવાથી નિજન અને મધ્યમ વર્ગનાં લોકો તરફથી પણ માંગ આવતી હોવાથી ઉત્પાદકોને તેવી વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન નફાકારક લાગશે. આમ, આવકની અસમાનતા ઘટાડવી એ પણ આર્થિક વિકાસનો એક મુખ્ય ઉદ્દેશ છે.

iii) લોકોનું જીવનસ્તર ઊંચું લાવવા

જીવનસ્તર એટલે ઉપલબ્ધ વસ્તુઓ અને સેવાઓનાં પ્રમાણ અને ગુણવત્તામાં સુધારો લોકોની ખોરાક, કપડાં અને રહેઠાણની પ્રાથમિક જરૂરિયાતો સંતોષાય તે પછી પોષણયુક્ત ખોરાક, ઋતુ પ્રમાણેનાં કપડાં તથા આરોગ્યપ્રદ આવાસ, પ્રાથમિક અને વ્યાવસાયિક શિક્ષણ, સ્વાસ્થ્ય સુવિધાઓ, પરિવહન અને સંપર્કનાં બીજાં સાધનોની પ્રાપ્તિ વગેરેથી

પ્રજાની કાર્યક્ષમતામાં વધારો થાય છે તેનાં પરિણામે આર્થિક વિકાસને જ ગતિ મળે છે. આમ, પ્રજાનું ગુણવત્તાયુક્ત જીવન અને આર્થિક વિકાસ પરસ્પર પ્રોત્સાહક પરિણામ લઈ આવે છે.

iv) ઉત્પાદનમાં વધારો કરવા

આર્થિક વિકાસની પ્રક્રિયામાં ટેકનોલોજીકલ પ્રગતિ અને વૈજ્ઞાનિક અભિગમ પણ અભિન્ન ઘટકો છે. સુધારેલી આધુનિક ટેકનોલોજીથી ઉત્પાદનનું પ્રમાણ વધે છે. વધતું ઉત્પાદન સામાન્ય ભાવસપાટી નીચી લાવે છે. બજારમાં ભાવો ઘટવાથી તથા પુરવઠો સરળતાથી પ્રાપ્ત હોવાથી સામાન્ય લોકો પણ તેઓની જીવનજરૂરિયાત સંતોષીને ગુણવત્તાયુક્ત જીવન જીવી શકે છે આપણે એક ઉદાહરણ લઈએ, હાથશાળથી કાપડ ઉત્પાદન કરીએ તો કાપડનાં ઉત્પાદનમાં ઘણો સમય અને શ્રમ લાગે પરિણામે તે કાપડની કિંમત પણ વધારે થાય ! બીજી બાજુ પાવરલૂમથી કાપડનું ઉત્પાદન મોટા પાયે અને ઝડપથી થાય તેનાં ઉત્પાદનની ગુણવત્તા અને વિવિધતા પણ મળે આમ થવાથી ઓછી કિંમતે કાપડ લોકોને મળી શકે. અગાઉના સમયમાં માત્ર રાજાઓના મહેલમાંજ ગીત સંગીત માણવાનો લાભ મળતો એવું આપણે સિનેમા તથા ટેલિવિઝન સીધ્ધિલોમાંથી જાણી શક્યાં છીએ, પુસ્તકોમાં પણ તેવું વર્ણન છે. સામાન્ય લોકો માટે ગીત સંગીતનો આનંદ મેળવવો દુર્લાભ રહેતો ! પરંતુ જેમ જેમ વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ થયો તેમ તેમ ટ્રાન્ઝિસ્ટર રેડિયો, ગ્રામોફોન રેકોર્ડ, કોમ્પેક્ટ ડીસ્ક (C.D) પેન ડ્રાઈવ, મોબાઈલ ફોન અને હવે ઈન્ટરનેટ કનેક્ટિવિટીથી યુટ્યુબ ઉપર આપણે બધાં ઈચ્છા થાય ત્યારે ગીતોનો આનંદ માણી શકીએ છીએ. તેવી જ રીતે પરિવહન સુવિધાઓ અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણોથી માનવ જીવન સરળ બન્યું છે અને માનવજીવનની ગુણવત્તા સુધરી છે.

અગાઉ ખેતીનો વ્યવસાય વરસાદ અને આકાશીકૃપા ઉપર આધારિત હતાં, પરંતુ આધુનિક સમયમાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિંચાઈની જુદીજુદી પધ્ધતિઓ જમીનની ગુણવત્તાની ચકાસણી વગેરેને કારણે આપણે ખેત ઉત્પાદનનું પ્રમાણ અને ગુણવત્તા બંને સુધારી શક્યાં છીએ.

v) ઉત્પાદકતામાં વધારો કરવા

પહેલાં જેટલાં જ સાધનોથી વધારે ઉત્પાદન થાય કે ઓછાં સાધનો થી પહેલાં જેટલું જ ઉત્પાદન થાય તો તે સ્થિતિને ઉત્પાદકતામાં વધારો થયો કહેવાય. સમયની બચત, ઊર્જા કે કાચા માલની બચત, મૂડી કે શ્રમની બચતથી ઉત્પાદનમાં વધારો કે સારી ગુણવત્તાવાળું ઉત્પાદન મેળવી શકાય છે. આર્થિક વિકાસની પ્રક્રિયામાં થતા માળખાંકીય સુધારાથી શ્રમ, યંત્રો વગેરેની ઉત્પાદકતામાં વધારો થાય છે. ઉત્પાદકતામાં વધારાને બીજા શબ્દોમાં ઉત્પાદનક્ષમતામાં થયેલો વધારો પણ કહેવાય છે.

vi) લેણદેણની તુલા સુધારવા

લેણદેણની તુલામાં અસમતુલાથી અર્થતંત્ર ઉપર વિપરીત અસરો થાય છે. નિકાસઆવક ઓછી હોય અને આયાત ખર્ચ વધુ હોય તો લેણદેણની તુલામાં અસમતુલા કહી શકાય.

ટૂંકા ગાળા માટે લેણદેણની તુલામાં અસમતુલા હોય તે અર્થતંત્ર માટે એટલું નુકસાનકારક નથી રહેતું પરંતુ જો આ અસમતુલા લાંબા ગાળા સુધી રહે તો તે અર્થતંત્ર માટે ઘાતક

નીવડે છે. આયાતોનું પ્રમાણ વધારે હોવાથી વિદેશી ચલણની માંગ વધે છે અને દેશનાં ચલણનું મૂલ્ય ઘટે છે. તે રોકાણકારોનો વિશ્વાસ ટકાવવા માટે પણ નુકસાનકારક છે વિદેશી રોકાણકારોને પણ રોકાણ કરવાનું આકર્ષણ રહેતું નથી. આમ મૂડીનો ઉપલબ્ધ જથ્થો ઓછો થાય છે. વસ્તુ કે સેવાની માંગ હોવા છતાં રોકાણ માટે મૂડી ન હોવાથી અર્થતંત્રમાં ઉત્પાદન, રોજગારી અને આવકમાં ઘટાડો થાય છે.

જો કે વિદેશી આયાતો વિકાસને પોષક હોય એટલે કે વિકાસલક્ષી યોજનાઓમાં, ઉત્પાદનોમાં રોકાણ થતું હોય તો લેણદેણની તુલાની ટૂંકા ગાળાની અસમતુલા નુકસાન નથી કરતી આમ, આર્થિક વિકાસ લેણદેણની તુલા સમતોલ બનાવવા માટે પણ મહત્વનો બને છે.

vii) જાહેર દેવાંનો બોજ ઘટાડવા

સરકાર દ્વારા તેના ખર્ચને પહોંચી વળવા અથવા ગરીબોની તરફેણમાં સાધનોની પુનઃફાળવણી કરવા માટે જાહેર દેવું કરી શકે છે. જાહેર દેવું પોતાના દેશની પ્રજા પાસેથી કે વિદેશી સંસ્થા પાસેથી મેળવેલાં નાણાંકીય સાધનો તેમજ આર્થિક સહાય છે પોતાના દેશની પ્રજા પાસેથી મેળવેલું જાહેર દેવું મૂળ તે દેશનાં જ સાધનો હોવાથી દેવું પરત કરતી વખતે દેશનાં સાધનોમાં કુલ ઘટાડો થતો નથી, માત્ર હસ્તાંતરણ થાય છે તેમ કહી શકાય પરંતુ જો આ દેવું વિદેશી સંસ્થાઓ કે સરકાર પાસેથી લીધેલું હોય તો તેને પરત કરવાના સમયે દેશનાં કુલ સાધનોમાં ઘટાડો થાય છે.

આધુનિક સમયમાં જાહેર ક્ષેત્ર અતિ વિસ્તૃત બન્યું હોવાથી જાહેર દેવું ન થાય તે સંભવ નથી પણ જો દેવાં દ્વારા ઊભાં કરેલાં સાધનોનો આર્થિક વિકાસ માટે ઉપયોગ કરવામાં આવે તો દેવાંની પરત ચૂકવણી બોજ બનતી નથી. આમ, આર્થિક વિકાસથી જાહેર દેવાંની પરત ચૂકવણી સરળ બને છે.

## 3.3 આર્થિક વિકાસને અસર કરતા પરિબળો

આર્થિક વિકાસ માત્ર ભૌતિક પરિમાણ માથાદીઠ આવક નહી પરંતુ ગુણાત્મક બાબતો જેવી કે, લોકોના જીવનની ગુણવત્તામાં સુધારણા, ગરીબી, બેરોજગારી અને આર્થિક અસમાનતામાં ઘટાડો, લોકોની સ્વતંત્રતા, પસંદગીઓ અને ક્ષમતામાં વધારો, સામાજિક, આર્થિક અને રાજકિય ક્ષેત્રે સહભાગિતામાં વધારો, માનવગૌરવ માં વદારો, સંસ્થાકિય વ્યવસ્થાની ગુણવત્તામાં, અભિગમમાં સુધારો, જાહેર સંસ્થાની જવાબહિતામાં વધારો, લોકશાહી પ્રક્રિયાના વિસ્તારને આર્થિક વિકાસ તરીકે ઓળખવામાં આવે છે. હજુ પણ આર્થિક વિકાસની વિભાગનામાં વિવિધ પરિમાણો દ્વારા ઓળખવા ના પ્રયાસો ચાલુ છે એટલે કે હજુ આર્થિક વિકાસની વિભાવનામાં સતત સુધારાનો અવકાશ છે.

### 3.3.1 પ્રાકૃતિક સંસાધન :

માનવ સંસ્કૃતિનો વિકાસ કુદરતી સંસાધન દ્વારા જ થયેલ છે જ્યારે કુદરતએ વિવિધ સાધનોને સૌથી મોટો સ્રોત છે. કોઈ પણ સંસાધનનો ઉપયોગ કોઈને કોઈ રીતે કરતો જોવા મળે છે. જયારે લાંબા ગાળા સુધી મનુષ્ય તેના પર આધાર પણ રાખે છે કુદરતી સંસાધનો અર્થ આપણે આ રીતે કરી શકાય.

"સંસાધન એક એવી વસ્તુ છે જે માનવીની જરૂરિયાત અને ઈચ્છાઓની પૂર્ણ કરે"

- જેમ્સ ફિશન

સંસાધન પર્યાવરણની એક એવી વિશેષતા છે જે મનુષ્યની જરૂરિયાત પૂર્તી માટે સક્ષમ માનવામાં આવે છે. જે મનુષ્ય પોતાની ક્ષમતા અનુસાર ઉપયોગ કરી શકે છે.

- જિમ્મરમૈન

"કુદરતી સંસાધન પર્યાવરણનો એક ભાગ છે જેનાથી મનુષ્યની જરૂરિયાત પૂર્તિ માટે સુવિધા મળે અને સામાજિક ઉદેશોની પૂર્તિ થાય"

- સામાજિક વિજ્ઞાનકોષ

ઉપરોક્ત વ્યાખ્યાના આધારે એમ કહી શકાય કે કુદરતી સંસાધન એવી વસ્તુ કે પદાર્થ છે જેના ઉપયોગથી માનવીય સંપતિમાં વધારો થાય.

સંસાધન દ્વારા માનવી પોતાની જરૂરિયાત સંતોષી શકે છે. કુદરતમાં હજારો તત્વો પડેલા છે. પણ તે બધા જ સંસાધન નથી. આ તત્વો ત્યારે જ સંસાધન બને છે કે જયારે માનવી તેના વિશિષ્ટ જ્ઞાન-કૌશલ્ય દ્વારા ઉપયોગમાં લેવાય. આ રીતે કોઈ પણ વસ્તુ ઉપયોગમાં લેવાય તે બધા જ ને સંસાધન તરીકે ઓળખવામાં આવે છે પ્રાચીન સમયમાં જમીનમાં દટાયેલાં ખનીજોની માનવીને જાણકારી ન હતી ત્યારે તે સંસાધન ન હતા પરંતુ આજે તેની ઉપયોગિતા અને કાર્ય કરવાની પધ્ધતિ વિકસવાથી માનવ જીવન માટે તે અત્યંત જરૂરી બન્યાં છે. તેથી કુદરતી સંસાધનમાં ઉપયોગિતા અને કાર્ય કરવાની યોગ્યતા બન્ને ગુણધર્મો હોવા જરૂરી છે કુદરત માનવ અને સંસ્કૃતિ ગણેયની પરસ્પર પ્રક્રિયા દ્વારા જ સંસાધન બને છે.

- સંસાધનોના ઉપયોગો :

  સંસાધન આપણને વિવિધ રીતે ઉપયોગી છે માનવ જીવનાં દરેક તબક્કા તેની કોઈને કોઈ ભૂમિકા આપણને ધ્યાનમાં આવે છે ખેત પ્રવૃતિથી ઉધોગ પ્રવૃતિ સુધીની તમામ પ્રવૃતિમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કુદરતી સંસાધનો ઉપયોગ કરવામાં આવે છે.

- સંસાધન - ખોરાક તરીકે :

  માનવીની ખોરાકની જરૂરિયાત વિવિધ સંસાધનોમાંથી જ પુરી થાય છે કુદરતી રીતે થતા ફળો ખેતી દ્વારા તૈયાર થતા વિવિધ ખાદ્યપાકો પ્રાણીઓ ધ્વારા પ્રાપ્ત થતુ દૂધ અને તેની વિવિધ બનાવટો, જલાશયોમાંથી મળતી માછલીઓ અને અન્ય જળચરો, મધમાખી દ્વારા બનાવેલ મધ જેવી અનેક વસ્તુઓ ખાદ્ય સામગ્રી તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

- સંસાધન - કાચામાલનો સ્રોત :

  જંગલો માંથી પ્રાપ્ત થતી વિવિધ ચીજો, ખેતી દ્વારા ઉપલબ્ધ થતી સામગ્રી, પશુઓની પ્રાપ્ત ઊન, ચામડા અને માંસ, ખનીજ અયસ્ક વગેરે વસ્તુઓ ઉપયોગ ઉધોગના કાચામાલ તરીકે કરવામાં આવે છે.

- સંસાધન - ઊર્જા સ્ત્રોત :

  આપણે કોલસો, પેટ્રોલિયમ, કુદરતી વાયુ વગેરેનો ઈંધણ તરીકે ઉદ્યોગ અને ઘરવપરાશમાં બળતણ તરીકે વાપરીએ છીએ. વળી સૂર્યપ્રકાશ, પવન, સમુદ્રમોજા, ભરતી - ઓટ અન જળધોધ વગેરેથી પણ ઊર્જા પેદા કરવામાં આવે છે.

- કુદરતી સંસાધન અને આર્થિક વિકાસ

  પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ વિવિધક્ષેત્રનો વિકાસ અને અલ્પવિકાસનો આધાર તે ક્ષેત્રના ઉપલબ્ધ કુદરતી સંસાધન પર રહેલો છે. પરંતુ તે સંસાધનો અંગેની જાણકારી ખૂબજ મર્યાદિત હતી. જે ટૅકનોલોજીના વિકાસ ધ્વારા સંસાધનનો ઉપયોગ કરી શકાય તેમ હતો. આ ઉપરાંત પ્રશિષ્ટ અર્થશાસ્ત્રી ઓએ ઘટતા મળતરનો નિયમ આપવામાં આવ્યા છે. જે એ ધારણા પર આધારિત છે કે કુદરતી સંસાધનમાં ઘટાડો કેવુ ભયંકર રૂપ લઈ શકે છે અને આર્થિક વિકાસને સ્થગિત કરી દે છે. આજકાલ આધુનિક અર્થશાસ્ત્રીઓએ કે જેઓ ટૅકનોલોજી પર વિશ્વાસ ધરાવે છે તેઓ કુદરતી સંસાધન એટલું બધુ મહત્વ આપતા નથી છતાં ઘણા અર્થશાસ્ત્રીઓ જમીન અને અન્ય કુદરતી સંસાધનો અંગે ભવિષ્યમાં થઈ શકે તેઆ ઘટાડાથી ચિંતીત છે. વિલિયમ જે બોમલનોએ વિશ્વાસ છે કે કુદરતી સંસાધન આર્થિક વિકાસનું એક મહત્વનું નિર્ધારક પરિબળ છે બીજી બાજુ આર એફ હેરોડ જેવા અર્થશાસ્ત્રીઓએ પ્રાકૃતિક સંસાધન કોઈ મહત્વ આપવામાં આવેલ નથી હેરોડ પોતાના વિકાસ મોડેલમાં કુદરતી સંસાધન સામેલ પણ કરેલ નથી તેના મત અનુસાર ઘટતા મળતરનો નિયમ કોઈ પણ વિકાસ કરતી અર્થવ્યવસ્થા પર કોઈ મહત્વની ભુમિકા ભજવતો નથી કારણ કે તેને ટૅકનોલોજીનાં વિકાસથી રોકી શકાય છે.

  પરંતુ કુદરતી સંસાધન અને આર્થિક વિકાસ અંગેની આ બન્ને વિચારધારા અર્પૂણ છે. તે બન્ને કોઈ એક પ્રદેશ માટે સાચી હોય શકે પણ સમગ્ર વિશ્વ માટે નહિ એ પણ મહત્વનું છે કે કુદરતી સંસાધનનું મહત્વ વિકાસના તબક્કા સાથે મહત્વ પણ બદલાતુ હોય છે તેથી આર્થિક વિકાસમાં કુદરતી સંસાધન મહત્વ કેટલુ છે તે એ અર્થવ્યવસ્થની વિકાસ - સ્તર પર નિર્ણય કરે છે.

  આર્થિક વિકાસની સાથે સાથે કુદરતી સંસાધન મહત્વ ઘટે છે તેના મુખ્ય બે કારણો હોય શકે. એક, વિકાસના પ્રથમ તબક્કા અર્થતંત્રનો મુખ્ય આધાર કૃષિ પર રહેલો છે. પરંતુ તેની માંગની મૂલ્યસાપેક્ષતા ઓછી હોય છે. તેથી કુલ આવકના સંદર્ભમાં કુલ ખર્ચ કરવામાં આવે તે ઓછો હોય છે. તેથી વિકાસની સાથે કુદરતી સંસાધનું મહત્વ ઘટે છે. બીજુ કારણ એ છે કે જેમ જેમ વિકાસ થાય છે તેમ ટૅકનોલોજીનો વિકાસ થાય છે તેથી ઘણી બધી જગ્યાએ કુદરતી સંસાધનની જગ્યાએ ટૅકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. દા.ત. સુધારેલ બિયારણ અને વિવિધ રાસાયણિક ખાતરોથી કૃષિ ઉત્પાદનમાં વધારો થયો છે તેની સાથે સાથે પ્રતિ એકમ ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થયેલો જોવા મળે છે. આમ છતા કોઈપણ દેશનો આર્થિક

વિકાસ તે દેશના સિમિત કુદરતી સંસાધન પર રહેલો છે. તેથી દેશનો વિકાસ કુદરતી સંસાધન અને તેનો યોગ્ય અને મહત્તમ ઉપયોગ પર નિર્ભર કરે છે.

3.3.2 મૂડી સંચય :

વિકસિત અને અલ્પવિકસિત દેશો વચ્ચેનો મુખ્ય તફાવત મૂડીનો જથ્થો છે. વિકસિત દેશોમાં મજૂરદીઠ મૂડીનો જથ્થો વધારે હોય છે. જ્યારે અલ્પ વિકસિત દેશોમાં મજૂરદીઠ અલ્પ મૂડી વપરાય છે. તેથી તેની ઉત્પાદન શક્તિ ઓછી હોય છે આ મુદાને એક ઉદાહરણ દ્વારા સમજીએ.

મજૂરો જો ટોપલી દ્વારા વસ્તુઓની હેરફેર કરતો હોય તો વસ્તુઓ પરિવહન કરવાની એની શક્તિ ઘણી જ મર્યાદિત હોય છે આ મજૂરને જો બળદગાડાના રૂપમાં મૂડીનું વધારે મોટુ સાધન આપવામાં આવે તો એની પરિવહન શક્તિમાં વધારો થાય છે. આથી પણ આગળ વધીને આ મજૂરને જો મોટો ટ્રક આપવામાં તો પરિવહન શક્તિમાં સવિશેષ વધારો થાય છે આ ઉદાહરણમાં જોઈ શકાય છે કે ટોપલી, બળદગાડું અને ટ્રકએ ત્રણેય મૂડી સાધનો છે. પરંતુ ટોપલી ની સરખામણીમાં બળદગાડું વધારે મોટું અને સુધારેલ મૂડી-સાધન છે. એને પશુ-શક્તિનો ઉપયોગ કરીને ચલાવી શકાય જેનાથી મજૂરની ઉત્પાદન શક્તિમાં વધારો થાય છે હવે બળદગાડાની સરખામણીએ ટ્રક વધારે અસરકારક સાધન છે કારણ કે એમાં માણસને યંગશક્તિનો સંયોગ મળે છે આમ મૂડીનો જથ્થો વધે એનો અર્થ એવો થાય છે કે મૂડીનાં વધુ કાર્યક્ષમ સાધનોનો જથ્થો વધે છે. મૂડીના આ સાધનો યંત્ર શક્તિથી ચાલતાં હોય છે. આમાં વિકસિત દેશોમાં વધુ મૂડી અને તેનો કાર્યક્ષમ ઉપયોગ કરવામાં આવે છે.

દેશમાં મૂડીનાં સાધનોનો આધાર મૂડીરોકાણ ઉપર છે. મૂડીરોકાણ એટલે ઉત્પાદનનાં સાધનો બનાવવા માટે કરવામાં આવતું ખર્ચ દા.ત. એક હાથશાળ બનાવવા માટે જે ખર્ચ કરવામાં તેને મૂડી રોકાણ કહેવામાં આવે છે. તેવી જ રીતે જમીની ફળદ્રુપતા વધારવા માટે ખાતરો ના રૂપમાં જે ખર્ચ કરવામાં આવે તે મૂડી રોકાણ છે મૂડીરોકાણનો આધાર એ બચતો ઉપર છે. આવકનો જે ભાગ વપરાશ પાછળ ખર્ચાતો નથી તેને બચત તરીકે ઓળખમાં આવે છે. તેથી મૂડી સાધનોમાં વધારો કરવા મૂડીરોકાણ કરવુ જોઈએ. દેશના મૂડીનાં સાધનોના જથ્થામાં મૂડીરોકાણો દ્વારા જે વધારો થાય છે તેને મૂડી સંચય તરીકે ઓળખવામાં આવે છે.

આર્થર લ્યૂઈસ અને બીજા કેટલાક અર્થશાસ્ત્રીઓએ 1950 થી 60 ના દાયકામાં એવો મત રજૂ કર્યો હતો કે આર્થિક વિકાસ માટે મૂડી રોકાણનો દર ઊંચી સપાટીએ લઈ જવો જરૂરી છે. ઈંગ્લેન્ડના અનુભવોના આધારે એવો અભિપ્રાય છે કે જો દેસની રાષ્ટ્રીય આવકનાં 10 ટકાનું મૂડીરોકાણ કરતો થાય અને એ સપાટી ટકાવી રાખી શકે તો આર્થિક વિકાસ સાધી શકે છે પરંતુ વિકસિત દેશોમાં રાષ્ટ્રીય આવકનાં ક પાંચથી સાત ટકા જેટલું જ બચત અને મૂડીરોકાણ થાય છે.

મૂડીરોકાણ દ્વારા આર્થિક વિકાસ પ્રાપ્ત કરી શકાય તેનુ એક ઉદાહરણ એ છે કે બીજા વિશ્વયુધ્ધ દરમિયાન યુરોપના જે દેશો પાયમાલ થયા હતા તેને માર્શલ યોજના નીચે અમેરિકાએ મૂડીની ભરપુર સહાય આપી હતી. તેનાથી એ તારાજીમાંથી ઝડપી બહાર આવી ગયા હતા આ અનુભવ વિકાસિત દેશો માટે પણ ઉપયોગી નીવડશે એમ ધારવામાં આવ્યુ હતું.

બીજુ સમર્થન સૈધ્ધાન્તિક રીતે પુરુ પાડવામાં આવ્યું છે જે હેરોડ-ડોમર મોડલ તરીકે પ્રખ્યાત થયેલ છે. જેમાં મૂડીરોકાણ અને ઉત્પાદનવૃધ્ધિ વચ્ચેના સરળ સંબંધ રજૂ કરવામાં આવેલ છે જો ત્રણ રૂપિયાનું મૂડીરોકાણ કરવાથી એક રૂપિયાના મૂલ્યનું ઉત્પાદન મેળવી શકાય તો રાષ્ટ્રીય આવકના છ ટકાના મૂડીરોકાણ દ્વારા રાષ્ટ્રીય ઉત્પાદનમાં બે ટકાનો વધારો કરી શકાય અને જો રાષ્ટ્રીય ઉત્પાદનમાં 5 ટકાનો વધારો કરવો હોય તો આ ધારણ પ્રમાણે રાષ્ટ્રીય આવકનાં 15 ટકા જેટલુ મૂડી રોકાણ કરવું જોઈએ આમ આ સિધ્ધાંત પરથી એવું કહી શકાય કે મૂડી - રોકાણનો દર વધારવાથી આર્થિક વિકાસનો દરને વધારી શકાય.

3.3.3 માનવ મૂડી અને કૌશલ્ય વિકાસ :

માનવ મૂડીનો સામાન્ય અર્થ લોકોના જ્ઞાન અને કૌશલ્યમાં વધારો કરવો. માનવ મૂડીમાં ત્યારે જ નિર્માણ થાય છે જ્યારે શિક્ષણ આરોગ્ય ટ્રેનિંગ વગેરે સુવિધાઓ વિકસાવવામાં આવે અને તેની પાછળ મૂડી રોકાણ કરવામાં આવે આવા મૂડી રોકાણને ભૌતિક મૂડી રોકાણ કરતા પણ વિશેષ મહત્વ આપવામાં આવે છે માનવ મૂડી-રોકાણમાં મુખ્યત્વ આ બાબતોમાં સમાવેશ થાય છે.

A) શિક્ષણનો વિકાસ :

સામાન્ય રીતે એવુ કહી શકાય કે માત્ર શિક્ષણ કે સાક્ષરતા દરમાં વધારો થવાથી આર્થિક વિકાસમાં કોઈ ફેર પડતો નથી. પરંતુ શિક્ષણની ગુણવતામાં ફેરફાર થવાથી આર્થિક વિકાસમાં વધારો થાય છે શિક્ષણના કારણે માનવ મૂડીમાં વધારો થાય છે જે બજારલક્ષી અર્થતંત્રમાં ઉત્પાદન વધારે છે આથી રાષ્ટ્રીય આવકમાં વધારો થાય છે. સાથે સાથે ભૌતિક મૂડીને પણ સકારાત્મક અસર થતી જોવા મળે છે. આમ શિક્ષણએ વ્યક્તિગત સ્વતંત્રતામાં વધારો રોજગારીની તકોમાં વધારો, પ્રાપ્ય સંસાધનો યોગ્ય ઉપયોગ બાળ મજૂરીમાં ઘટાડો વગેરેના લીધે સમગ્ર સમાજને લાભ થાય છે. જે આર્થિક વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે.

- આરોગ્યમાં મૂડીરોકાણ :

શિક્ષણ અને આરોગ્યને મૂડીરોકાણ સ્વરૂપે જોવામાં આવે છે. એટલે કે જો આ ક્ષેત્રમાં મૂડી રોકાણ કરવામાં આવે તો આર્થિક વિકાસમાં વધારો થાય છે કારણ કે આરોગ્યએ શ્રમની ઉત્પાદકતા સાથે સંકળાયેલું છે. જો આરોગ્યમાં વધુ મૂડી રોકાણ કરવામાં આવે તો લોકોનું આરોગ્ય સુધરે છે અને પરિણામે શ્રમની ઉત્પાદકતા વધે છે. જે આર્થિક વિકાસમાં વધારો કરે છે.

આમ શુલ્ઝના વિચાર અનુસાર માનવ મૂડી-રોકાણએ આર્થિક પ્રાણાલી મહત્વનું અંગ ગણવામાં આવેલ છે. તેના વિના ગરીબી-નિવારણ શક્ય નથી.

3.3.4 વસ્તીનું વયજૂથ પ્રમાણ :

આર્થિક વિકાસને અસર કરતું મહત્વનું પરિબળએ વસ્તીનું વયજૂથ પ્રમાણ છે વયજૂથ પ્રમાણને આપણે બે રીતે જોઈએ છીએ. એક ઉત્પાદક જૂથ્ ને બીજી બિન-ઉત્પાદક જૂથ જેને આપણે આશ્રિત તરીકે પણ ઓળખવામાં આવે છે. જો દેશમાં વસ્તીમાં ઉત્પાદક જૂથમાં વધારો થતા શ્રમ પુરવઠામાં વધારો થાય છે જે કુલ ઉત્પાદને વધારે છે જેમા વિકાસને વેગ મળે છે. આ બાબતને આપણે વસ્તીલક્ષી લાભાંશ તરીકે પણ ઓળખવામાં આવે છે. વસ્તી લાંભાંશ ત્યારે ઉદ્દભવે છે કે જ્યારે 14 વર્ષથી ઓછી અને 65 થી વધુ વયનાં આધાર રાખનારી વસ્તી કરતાં 15-64ના વયજૂથમાં લોકોની વસ્તી વધારે હોય. આમ કામ કારનાર લોકોની સંખ્યા તેમના પર આધાર રાખનાર લોકો કરતાં વધારે હોય તો આર્થિક ઉત્પાદકતામાં વધારો થાય છે.

ભારતમાં જુદા જુદા વયજૂથમાં વસ્તીનું પ્રમાણ - કેટલું છે તે કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ છે.

| વર્ષ | વયજૂથ (વસ્તીનાં ટકાવારી પ્રમાણ) | | |
|---|---|---|---|
| | 0-14 | 15-59 | 60 થી વધુ |
| 1951 | 38.4 | 56.0 | 5.5 |
| 1961 | 41.0 | 53.3 | 5.6 |
| 1971 | 42.0 | 52.0 | 6.0 |
| 1981 | 39.5 | 54.0 | 6.5 |
| 1991 | 37.5 | 55.7 | 6.8 |
| 2001 | 35.4 | 57.0 | 7.5 |
| 2011 | 29.7 | 64.9 | 5.5 |

**નોંધ :** 2011નાં આંકડા 0-14, 15-64 અને 65 થી વધુ નાં વર્ગીકરણ અનુસાર

સ્રોત : ભારતની વિવિધ વસ્તી ગણતરી

- 0-14 વયજૂથનું કુલ વસ્તીનાં ટકાવારી પ્રમાણમાં સૌથી વધારે 42 ટકા જેટલુ 1971માં હતું. ત્યાર બાદ તેમાં સતત ઘટાડો જોવા મળે છે.
- 15-59ના વયજૂથને ધ્યાનમાં લઈએ તો 1971 સુધી સતત ઘટતુ જોવા મળે છે. ત્યાર બાદ વધતુ જોવા મળે છે.
- 60 થી વધુ વયજૂથમાં વસ્તીનું ટકાવારી પ્રમાણ માં શરૂઆતથી વધારો થતો જોવા મળે છે

- ભારતમાં બાળકોની સંખ્યામાં વધારો થયો છે પરંતુ ટકાવારી પ્રમાણ ઘટ્યું છે 1951માં 14 વર્ષથી ઓછી વયનાં બાળકોનું સંસ્યાં 14 કરોડ હતી જે 2011માં 36 કરોડ થઈ.

આમ ઉત્પાદક શ્રમ પુરવઠામાં વધારો થવાથી ઉત્પાદન અને આવકમાં વધારો થાય છે. પરંતુ માત્ર વયજૂથમાં ટકાવારી પ્રમાણમાં ફેરફાર થવાથી જ વિકાસ થતો નથી પણ તેની સાથે સાથે નીચેની સ્થિતિ પણ ઊભી થવી જોઈએ.

1) શ્રમનાં પુરવઠામાં વધારો :

ઉત્પાદકીય વયજૂથમાં વસ્તીનું પ્રમાણ વધતાં શ્રમ-પુરવઠામાં વધારો થાય છે પરંતુ તેની સાથે સાથે રોજગારીની તકોમાં પણ વધારો થવો જોઈએ. ત્યારે જ આપણે ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો કરી શકીએ.

2) લોકોની બચતમાં વધારો :

જેઓ રોજગારી મેળવે છે તેમના ઉપરનાં આશ્રિતોની સંખ્યામાં ઘટાડો થાય તો રોજગારી મેળવનાર લોકોની બચતમાં વધારો થાય છે. અને તેનું પુનઃ મૂડી રોકાણ થવાથી ઉત્પાદનમાં વધારો થાય છે.

3) માનવ મૂડી :

પ્રજોત્પતિ દરમાં ઘટાડો થાય તો મહિલામાં આરોગ્ય સુધરે અને તેની આર્થિક ઉત્પાદકતામાં વધારો થાય એમ થવાથી માતા પિતા બાળકદીઠ ખર્ચ પણ વધુ કરી શકે છે.

4) માંગમાં વધારો :

વસ્તુ અને સેવા ઉત્પન કરનારી વસ્તીમાં વધારો થવાથી ઉત્પાદનમાં પણ વધારો થાય છે. સાથે સાથે ઘરેલું માંગમાં પણ વધારો થાય છે.

વયજૂથ સાથે સાથે આર્થિક વિકાસને અસર કરતું મહત્વનું બીજુ એક પરિબળ શ્રમ ભાગીદારીનો દર છે. સામાન્ય વસ્તીના ત્રણ ભાગ પડે છે; રોજગારી ધરાવતી વ્યક્તિ, બેરોજગાર વ્યક્તિ અને શ્રમદળમાં ન હોય તેવી વ્યક્તિ એટલે કે શ્રમદળમાં એવી વ્યક્તિનો સમાવેશ થાય છે કે જેની ઉપર 15-64 વયજૂથમાં સમાવેશ થતો હતો.

શ્રમનો ભાગીદારીનો દરએ કુલ વસ્તીમાં શ્રમદળમાં ટકાવારી પ્રમાણ દર્શાવે છે. જેમ શ્રમની ભાગીદારી વધારે તેમ કુલ વસ્તીમાં શ્રમ દળનું પ્રમાણ વધારે સ્ત્રીઓમાં શ્રમનો ભાગીદારીનો દર પુરુષોની સાપેક્ષમાં ઘણો ઓછો જોવા મળે છે એમાં પણ શહેરી ક્ષેત્રમાં આ પ્રમાણ વિશેષ જોવા મળે છે આમ આ સંપુર્ણશ્રમ દળનો ઉપયોગ ઉત્પાદકીય હેતુ માટે કરવામાં આવે તો ઉત્પાદનમાં વધારો થાય છે જે દેશના આર્થિક વિકાસને ગતિ પ્રદાન કરે છે.

3.3.5 આર્થિક વિકાસ અને ટેકનોલોજી

આર્થિક વિકાસને અસર કરતું મહત્વનું પરિબળ ટેકનોલોજી છે. માત્ર કુદરતી સાધન-સંપતિ પ્રાપ્ત થવાથી આર્થિક વિકાસ શક્ય બનતો નથી. પરંતુ તેની માટે કુદરતી સાધન - સંપતિનો ઉપયોગ કરી શકે તેવી ટેકનોલોજીની આવશ્યકતા છે.

આર્થિક વિકાસમાં ટેકનોલોજીની ભૂમિકા :

- કુદરતી સાધન - સંપતિનો ઉપયોગ શક્ય છે.

  ટેકનોલોજીના વિકાસ દ્વારા કુદરતી સાધન - સંપતિનો ઉપયોગ કરી રોજગારી ઉત્પાદન અને આવકમાં વધારો કરી આર્થિક વિકાસ કરી શકાય છે.

- ઉત્પાદનનાં સાધનોની ઉત્પાદકતાં વધે છે.

  ટેકનોલોજીના ઉપયોગથી ઉત્પાદનનાં સાધનોની ઉત્પાદકતામાં વધારો થાય છે. જેનાથી સ્થિર સાધનોએ ઉત્પાદનમાં વધારો થાય છે. જેમ કે ભારતમાં આઝાદી સમયે કેટલીક કૃષિ પેદાશો આયાત કરવી પડતી પરંતુ હરિયાળી ક્રાંતિના પરિણામે આજે ઘણી બધી વસ્તુની નિકાસ કરવામાં આવે છે માલ્થસના સિધ્ધાંતમાં કરેલ ભૂખમરાની આગાહી પણ ખોટી પડી છે આ સાધનોની ઉત્પાદકતા વધારી વિકાસને ઝડપી બનાવી શકાય છે.

- વસ્તુ અને સેવાની ગુણવત્તામાં વધારો :

  ટેકનોલોજી ધ્વારા વસ્તુ અને સેવાની ગુણવતામાં વધારો થાય છે તેમ જ ચોક ડસ્ટરથી અપાતા શિક્ષણ કરતાં પ્રોજેક્ટર ધ્વારા અપાતુ શિક્ષણ વધારે અસરકારક હોય છે.

- ઉત્પાદન ખર્ચમાં ઘટાડો

  ટેકનોલોજીના ઉપયોગથી ઓછા સમયમાં ઝડપથી અને વધારે ઉત્પાદન શક્ય બનતાં અને શ્રમ ખર્ચમાં ઘટતાં તથા અન્ય કરકસરનાં લાભો પ્રાપ્ત થતા ઉત્પાદન ખર્ચ ઘટે છે. જેનાથી ગ્રાહકોને નીચી કિંમતે વસ્તુઓ અને સેવાઓ પ્રાપ્ત થાય છે જેનાથી જીવન - ધોરણમાં સુધારો થાય છે.

  આમ ટેકનોલોજી આ ઉપરાંત કૃષિ વિકાસ, આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપાર શિક્ષણ, આરોગ્ય જેવી અનેક બાબતોને પ્રભાવિત કરે છે. આમ આપણી પાસે રહેલાં માનવ સાધનોનો ઉપયોગ વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસ કરી રાષ્ટ્રનાના આર્થિક વિકાસને ઝડપી બનાવી શકાય છે.

## 3.4 સાંરાશ

આપણે આ એકમમાં આર્થિક વિકાસને પ્રભાવિત કરતાં કેટલાંક મુખ્ય પરિબળોનો અભ્યાસ કર્યો કે જેનાથી આર્થિક વિકાસને ગતિ મળે છે. પરંતુ આ બધા જ પરિબળોમાં સૌથી વધારે વિકાસને કયું પરિબળ પ્રભાવિત કરશે તે કહેવું મુશ્કેલ છે કારણ કે ઘણા બધા દેશોમાં

કુદરતી સંસાધન મર્યાદિત હોય તો પણ તે વિકસિત છે. દા.ત. જાપાન અને સિંગાપોર. જ્યારે ઘણા બધા દેશમાં કુદરતી સંસાધન વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ હોવા છતા તે અલ્પ વિકસિત છે તેથી વિકાસ માત્ર સંસાધનની ઉપલબ્ધા પર નહીં પરંતુ તેના મહત્તમ અને ઈષ્ટ ઉપયોગ પર આધાર રાખે છે. એ ત્યાર જ સંભવિત છે કે વિકાસના બીજા અન્ય પરિબળોનું સહઅસ્તિવ ધરાવતાં હોય તેથી આર્થિક વિકાસ માત્ર કોઈ એક પરિબળથી નહી પરંતુ ઘણાં બધાં જ પરિબળોથી પ્રભાવિત થતો જોવા મળે છે.

## 3.5 ચાવીરૂપ શબ્દો

(1) Rain Water Harvesting (રેઈન વોટર હાર્વેસ્ટીંગ):

વરસાદનાં પાણીનો સંગ્રહ કરવાની ક્રિયાને રેઈન વોટર હાર્વેસ્ટીંગ કહેવાયમાં આવે છે. મકાનોની છત, છાપરાં, ખૂલ્લાં મેદાનો, રસ્તાઓ ઉપરથી વહી જતાં પાણીને એકઠું કરીને તેનો ભૂમિગત સંગ્રહ કરી શકાય છે. કૂવા અને તળાવો પણ આ રીતે રિચાર્જ કરી શકાય છે.

(2) સાધનોની પુનઃ ફાળવણી :

ઉત્પાદનનાં સાધનો જેવાં કે જમીન, મૂડી, નાણાં વગેરે બધાં લોકો પાસે એક સરખા પ્રમાણમાં નથી હોતાં કોઈ પાસે ઘણી જમીન હોય છે તો કેટલાક ખેતી કરતા મજૂરો પાસે જમીન નથી હોતી તેવી જ રીતે મૂડી નાણાં જેવાં સાધનો ની માલિકી બાબતે આર્થિક અસમાનતા પ્રવર્તતી હોય છે. સાધનોના અભાવે આર્થિક વિકાસ કરી શકાતો નથી. સાધન નથી તેવાં લોકોને સાધન આપવા માટે સરકાર કરવેરા જાહેર ખર્ચ જેવાં સાધનો અપનાવે છે. જેમાં, જેની આવક વધારે હોય તેવાં લોકો પાસેથી કરવેરા ઉઘરાવીને તે લોકોની તરફેણમાં ખર્ચ કરવામાં આવે છે કે જેઓને સિક્ષણ સ્વાસ્થ્ય, પરિવહન જેવી સુવિધાઓ ઉપલબ્ધ નથી કોઈવાર ઓછાં વ્યાજે લોન પણ આપવામાં આવે છે. આમ, જેની પાસે વધુ સાધનો હોય તેની પાસેથી લઈને ઓછાં સાધનોવાળાં લોકોને ફાળવવામાં આવે છે.તેને સાધનોની પુનઃ ફાળવણી કહેવાય છે.

(3) કુદરતી સંસાધન

જમીન પરની સપાટી, જંગલો, ખનીજ પદાર્થ, દરિયામાંથી સાંપડતી ઉપયોગી ચીજો વગેરે.

(4) માનવ મૂડી : માનવીની પાછળ કરવામાં આવતા કેટલાક ખર્ચથી માનવીની ઉત્પાદન શક્તિમાં વધારો થાય તે આ પ્રકારનું ખર્ચ ભાવિ લાભોની અપેક્ષાથી કરવામાં આવતું મૂડીરોકાણ.

(5) મૂડી સંચય : મૂડી રોકાણ દ્વારા અર્થતંત્રમાં રહેલા મૂડીના જથ્થામાં વધારો કરવાની પ્રક્રિયા.

(6) ટેકનિકલ પ્રગતિ : શ્રમ અને મૂડીના નિક્ષેપો જથ્થાની રીતે યથાવત રહેવા છતા કુલ ઉત્પાદનમાં વધારો થાય તેને ટેકનિકલ પ્રગતિ કહે છે.

(7) વયજૂથ : કોઈ પણ દેશના લોકોનું અલગ અલગ ઉંમર પ્રમાણે કરેલ વર્ગીકરણ

(8) શ્રમનો પુરવઠો : વેતનના ચાલુ દરે જેઓ કામ કરવા તૈયાર હોય તેવી વ્યક્તિઓની સંખ્યા તેમાં બેકારોનો સમાવેશ થઈ જાય છે.

(9) શ્રમના પુરવઠામાં સામેલગીરીનો દર :

દેશની કુલ જન સંખ્યામાં શ્રમના પુરવઠામાં હોય તેવી વ્યક્તિઓનું પ્રમાણ.

## 3.6 તમારી પ્રગતિ ચકાસો

(ક) નીચેના પ્રશ્નોનો સવિસ્તાર જવાબ આપો.

1. આર્થિક વિકાસને અસર કરતાં વિવિધ પરિબળો જણાવો.
2. આર્થિક વિકાસ માટે મૂડીસંચયનું મહત્વ સમજાવો.
3. આર્થિક વિકાસમાં કુદરતી સંસાધ મહત્વ જણાવો.

(ખ) નીચેની ટૂંકનોંધ લખો.

1. કુદરતી સંસાધન
2. ટેકનીકલ પ્રગતિ
3. મૂડી-સંચય પ્રક્રિયા
4. માનવ-મૂડી રોકાણ
5. વયજૂથ પ્રમાણ

(ગ) નીચેના વિધાનો ખરા છે કે ખોટા જણાવો

1. કોઈ પણ વસ્તુ ત્યાર જ સંસાધન બને છે કે તેના વપરાશથી તુષ્ટિગુણ મળે.
2. દેશની કુલ વસ્તીએ જે તે દેશનો કુલ શ્રમપુરવઠો છે.
3. ઉત્પાદન સાધનો સ્થિર રાખીને પણ ટેકનિકલ પ્રગતિથી ઉત્પાદન વધારી શકાય છે.
4. ભારતમાં 15-59 વર્ષના વયજૂથમાં સતત ઘટાડો થતો જોવા મળે છે.
5. શ્રમદળમાં 15 વર્ષ ઓછી અને 65 વર્ષ વધારે ઉંમર ધરાવતી વ્યક્તિનો સંચાવેશ કરવામાં આવતો નથી.
6. કુલશ્રમદળમાં કામ કરતી વ્યક્તિ અને બે રોજગાર વ્યક્તિ બન્નો સમાવેશ કરવામાં આવે છે.
7. આર્થિક વિકાસએ કુદરતી સંસાધની ઉપલબ્ધતા સાથે નહિ પણ ઈષ્ટ ઉપયોગ સાથે સંબંધ ધરાવે છે.
8. ભારતમાં મહિલા શ્રમ ભાગીદારીનો દર શહેરીક્ષેત્ર કરતાં ગ્રામીણક્ષેત્રમાં વધુ જોવા મળે છે.

◆ સંદર્ભ વાચન


(1) 1996 "ભારતના આર્થિક વિકાસની સમસ્યાઓ," યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ગુજરાત.

(2) રાધાક્રિષ્ના આર. (2008), "ઈન્ડિયા ડેવલોપમેન્ટ ટિપોર્ટ," ઓકસફર્ડ યુનિવર્સિટી પ્રેસ.

(3) મિશ્રા એસ. કે., પુરી વી. કે., (2006), ''ઈકોનોમિક્સ ઓફ ડેવલોપમેન્ટ એન્ડ પ્લાનીંગ, થિયરી એન્ડ પ્રેક્ટીસ,'' હિમાલયા પબ્લિશીંગ હાઉસ, ભારત.

(4) શ્રીવાસ્તવા, ડૉ. સોમેશ, (1985), ''ઈકોનોમિક ડેવલોપમેન્ટ એન્ડ ધ થર્ડ વર્ડ કન્ટ્રીઝ,'' દીપ એન્ડ દીપ પબ્લિકેશન્સ ન્યુ દિલ્હી.

◆ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. ખરુ 2. ખોટુ 3. ખરુ 4. ખોટુ 5. ખરુ 6. ખરુ 7. ખરુ 8. ખરુ

⊙ ⊙ ⊙